# લોકસભા ચૂંટણી – ૨૦૧૪

ડૉ.એમ.એમ.જગાણી
મદદનીશ પ્રાધ્યાપક,રાજયશાસ્ત્ર વિભાગ,
એમ.એન.કોલેજ,વિસનગર,જિ.મહેસાણા

રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં પણ સત્તા-અભિગમ (Power Approach) ધ્યાન ખેંચે છે. ખાસ કરીને હેન્સ જે. મોર્ગેન્થોએ પોતાના પુસ્તક "પોલિટીક્સ એમોન્ગ નેશન્શ, ધી સ્ટ્રગલ ફોર પાવર એન્ડ પીસ માં એલગાર્ડ અને હેમ્સે" તેમના પુસ્તક 'અમેરિકન પોલિટીક્સ માં જ્યારે વી.ઓ. કિએ' "પોલિટીક્સ એન્ડ પ્રેસર ગ્રુપ્સ" નામના પુસ્તકમાં સત્તાના ખ્યાલને કેન્દ્રમાં રાખ્યો છે. અને તેની આજુબાજુ રાજકીય જીવન રચાય છે. તેવા વિચારને રજૂ કર્યો છે.

[૧]આ વિદ્વાનો ઉપરાંત જ્યોર્જ કેટલિન તથા હેરોલ્ડ લાસવેલે પણ સત્તાના ખ્યાલને રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં મહત્વનું સ્થાન આપેલ છે. ખાસ કરીને લાસવેલે સત્તાના ખ્યાલને ધ્યાનમાં રાખીને પોતાના પુસ્તકનું શીર્ષક પણ સૂચક રાખ્યું છે. 'પોલિટીક્સ હુ ગેટ્સ વોટ હાઉ એન્ડ વ્હેન' આ દ્વારા લાસવેલ જણાવે છે કે રાજકારણમાં સત્તાજ કેન્દ્ર સ્થાને છે. રાજકીય પ્રથામાં સત્તાનો કાનૂની બળ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

[૨]"મેક્સવેબર" ના શબ્દોમાં કહીએ તો 'રાજકીય પ્રથાની કામગીરીમાં કાનૂની બળનો સંચાર સતત જોવા મળે છે. અને તે તેને ખાસ લાક્ષણિકતા અર્પે છે. તેમજ તેની અગત્યતા પણ તેને લીધે જ છે. જ્યોર્જ કેટલિન અને હેરોલ્ડ લાસવેલ સત્તાને રાજ્યશાસ્ત્રની પાયાની વિભાવના તરીકે ઓળખાવે છે.'

સાંપ્રત સમયમાં સત્તા અમુક સંસ્થા કે હોદ્દા સાથે સંકળાયેલી હોય છે. તેમજ બંધારણ દ્વારા તેને માન્ય રાખવામાં આવેલી હોય છે. તેથી જે વ્યક્તિ તે સંસ્થા કે હોદ્દાને ધારણ કરે તે વ્યક્તિ તે સંસ્થા કે હોદ્દા સાથે સંકળાયેલ સત્તાને પણ ધારણ કરે છે. તથા તેનો ઉપયોગ કરે છે. હોદ્દા સાથે સંકળાયેલ સત્તા ઉપરાંત હોદ્દાને ધારણ કરનારનું વ્યક્તિત્વ કે પ્રતિભા તેની સત્તાઓને ખુબ જ પ્રભાવશાળી બનાવે છે. એ હકીકત પણ ધ્યાન બહાર જવી જોઈએ નહીં. દા.ત. 'જો વડાપ્રધાન બનનાર વ્યક્તિનું વ્યક્તિત્વ કે પ્રતિભા ખુબ જ પ્રભાવશાળી હોય છે. તો તે વ્યક્તિ વડાપ્રધાન પદ સાથે સંકળાયેલી સત્તાઓનો વધુ પ્રભાવશાળી રીતે ઉપયોગ કરી શકે છે. પરંતુ જો આ પદ ધારણ કરનારનું વ્યક્તિત્વ કે પ્રતિભા પ્રભાવશાળી ન હોય તો તેની સત્તાનો પ્રભાવ પડતો નથી.'

ગ્રીસના મહાન ચિંતક અને રાજ્યશાસ્ત્રના પિતા ગણાતા એરિસ્ટોટલે કહ્યું છે કે માનવી સામાજિક પ્રાણી હોવાની સાથે સાથે રાજકીય પ્રાણી પણ છે. માનવી જેમ સહજ સામાજીક વૃત્તિથી સમાજમાં રહે છે. તે રીતે માનવી માટે રાજ્યમાં વસવાટ કરવો આવશ્યક છે. રાજ્યમાં સુચારૂ શાસન વ્યવસ્થા માટે રાજ્યને મૂર્તિમંત કરતી સંસ્થા સરકાર જરૂરી છે. પ્રત્યેક રાજ્ય (૧) વસ્તી (૨) વિસ્તાર (૩) સરકાર અને (૪) સાર્વભૌમત્વ રૂપી ચાર ઘટક તત્ત્વોની દષ્ટિએ સમાન છે. પરંતુ સરકારના સ્વરૂપોની દષ્ટિએ વૈવિધ્ય પ્રવર્તે છે. લોકશાહી સરકાર તેમાંનું એક સ્વરૂપ છે.

[3]પ્લેટોના સમયથી અઢારમી સદી સુધી 'લોકશાહી' શબ્દ ધૃણાસ્પદ અને નિંદનીય શબ્દ રહ્યો હતો. પ્લેટો તો લોકશાહી તંત્રને (ટોળાશાહી) સરકારનો વિકૃત પ્રકાર ગણાવતા હતા. પરંતુ ઓગણીસમી સદીના પ્રારંભથી લોકશાહી આજે તો સર્વોત્તમ શાસન વ્યવસ્થા પુરવાર થઈ છે. જેના કારણે આધુનિક યુગને 'લોકશાહી યુગ' તરીકે ગણવામાં આવે છે. લોકશાહીના પાયાના લક્ષણો તરફ દષ્ટિપાત કરતાં જણાય છે કે તે બંધારણીય સરકાર અને સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર પર ભાર મૂકતી અને ચર્ચા દ્વારા ચાલતી સરકાર છે. લોકશાહીમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ નિયત સમયે થયા કરે છે. અને તેમાં વિવિધ રાજકીય પક્ષો પણ ભાગ લઈ સત્તામાં આવવા પ્રયત્નો કરતા હોય છે. આમ લોકશાહી તંત્ર ના આ મહત્ત્વને ધ્યાને લઈ સ્વતંત્ર ભારતમાં પણ આ પદ્ધતિને સ્વીકારવામાં આવી હતી. આજે ભારત વિશ્વનું સૌથી મોટુ લોકતંત્ર હોવાનું ગૌરવ અનુભવી રહ્યું છે.

[૪]ભારતનું લોકતંત્ર સંસદીય પ્રણાલીને અનુસરે છે. જ્યારે અમેરિકા રાષ્ટ્રપતિ પ્રણાલિને અનુસરે છે. આપણે બ્રિટનથી સ્વતંત્ર થયા હતા. પરિણામે તેની અનેક બાબતોને આપણે બંધારણના રૂપમાં અપનાવી લીધી. જેમાંની એક સંસદીય પ્રણાલી પણ છે. આપણા બંધારણ પર બ્રિટિશ છાપ સ્પષ્ટપણે વર્તાય છે. બસ ફરક માત્ર એટલો જ છે કે આપણે બ્રિટનની રાણીના સ્થાને ચૂંટાયેલા રાષ્ટ્રપતિને બેસાડવામાં આવે છે. ભારતને આઝાદી મળી ત્યારે આપણો દેશ રશિયાની અનેક બાબતોથી પ્રભાવિત હતો પરિણામે આપણા બંધારણમાં તેની પણ છાપ વર્તાય છે.

૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી આપણા દેશમાં આપણું બંધારણ અમલમાં આવ્યુ ત્યારથી જ આપણે એક સાર્વભૌમ પ્રજાસત્તાક બિનસાંપ્રદાયિક લોકશાહી રાજ્ય બન્યા. આપણા બંધારણમાં ભાગ-૧૫ માં આર્ટિકલ ૩૨૪ મૂજબ ચૂંટણીઓની દેખરેખ દોરવણી અને નિયંત્રણ માટે સ્વતંત્ર ચૂંટણી પંચ રચાયુ અને તે મુજબ ૧૯૫૨ ના એપ્રિલમાં સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાની ચૂંટણીઓ યોજવામાં આવી ત્યારથી શરુ કરીને આજદિન સુધી આપણા દેશમાં ૧૬ જેટલી લોકસભાની ચૂંટણીઓ યોજાઈ ગઈ.

[5]આમાં સૌથી છેલ્લી ૧૬ મી લોકસભાની ચૂંટણીઓ વિશેનો મારો કેટલોક અભ્યાસ અત્રે પ્રસ્તુત કરુ છું. ૨૦૧૪ ની ૧૬ મી લોકસભાની ચૂંટણીમાં ૮૧ કરોડ ૪૫ લાખ કરતાં વધુ મતદારો નોંધાયેલા હતા. જે પંદરમી લોકસભા કરતાં અંદાજે ૧૦ કરોડ જેટલા વધુ નોંધાયેલા મતદારો હતા. સદર ૧૦ કરોડ ઉમેરાયેલા મતદારોમાં અંદાજે ૨ કરોડથી વધુ મતદારો તો ૧૮ થી ૧૯ વર્ષના જ હતા. કુલ મતદારો પૈકી ૧૮ થી ૩૫ વર્ષના યુવાન મતદારોની સંખ્યા ૪૦ કરોડની આસપાસ હતી. અને ૪૫ વર્ષ સુધીનાને યુવાન ગણવામાં આવે તો આ યુવાન મતદારોનો આંકડો આ વખતે અંદાજે ૪૮ કરોડના આંકડાને આંબી ગયો છે. એટલે કે કુલ મતદારોના ૫૦ ટકા થી પણ વધુ મતદારો યુવાન છે. જેમાં સૌથી વધુ ૭ કરોડ યુવા મતદારો ઉત્તરપ્રદેશમાં છે. જ્યારે ત્યાર પછી નો નંબર છે મહારાષ્ટ્ર, બિહાર અને પં. બંગાળ દેશની લોકસભાની કુલ ૫૪૩ પૈકી ૩૫૦ જેટલી બેઠકો વાળા વિસ્તારોમાં આ યુવા મતદારો નિર્ણાયક રહ્યા છે. જો ૨૭૨ + વધુ બેઠકો મેળવવી હોય તો તેની ચાવી આ યુવા મતદારો પાસે રહી છે.

જ્યારે પ્રથમ લોકસભાની ચૂંટણી ૧૯૫૨ માં થઈ ત્યારે ૧૭ કરોડ મતદારો હતા. જેની સરખામણીએ ૧૬મી લોકસભાની ચાલુ વર્ષની ચૂંટણીમાં ૮૧ કરોડ ૪૫ લાખ મતદારો નોંધાયેલા હતા. આમ ૧૯૫૨ થી ૨૦૧૪ સુધી મતદારોની સંખ્યામાં ૬૪ કરોડ ૪૫ લાખનો વધારો થયેલો જોવા મળે છે. પ્રથમ લોકસભાની ચૂંટણી ૪૮૯ બેઠકો માટે થઈ હતી. જ્યારે ૧૬ મી લોકસભામાં ૫૪૩ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી.

આમ લોકસભાની બેઠકોની સંખ્યા પર નજર કરીએ તો પ્રથમ લોકસભામાં ૪૮૯, બીજી લોકસભામાં વધીને ૪૯૪, ચોથી લોકસભામાં ૫૨૦ બેઠકો, છઠ્ઠી લોકસભા ૧૯૭૭ માં ૫૪૨ અને ૧૬ મી લોકસભા સુધી તે સંખ્યા ૫૪૩ ની જ રહી છે. પ્રથમ લોકસભામાં ભારતના સૌથી મોટા રાજકીય પક્ષ કોંગ્રેસને ૩૬૪ બેઠકો મળી હતી અને ૪૫ ટકા મત મળ્યા હતા. જ્યારે આજ પક્ષને આઠમી લોકસભા ૧૯૮૪ માં સૌથી વધુ ૪૦૪ બેઠકો અને ૪૯ ટકા મત મળ્યા હતા. અને કરુણતા એ વાતની રહી કે આટલા મોટા રાજકીય પક્ષને ૨૦૧૪ ની ૧૬ મી લોકસભામાં માત્ર ૪૪ બેઠકો જ મળી છે. ૧૯.૩ ટકા જ મત મળ્યા છે.

[6]૧૯૮૦ માં યોજાયેલી સાતમી લોકસભા સુધી જે રાજકીય પક્ષનું અસ્તિત્વ જ ન હતું. તેવા ભારતીય જનતા પક્ષને ૧૯૮૪ ની આઠમી લોકસભામાં માત્ર બે જ બેઠકો અને ૮ ટકા મત મળ્યા હતા. આજ પક્ષને ૧૯૮૯ ની નવમી લોકસભામાં ૮૫ બેઠકો અને ૧૧ ટકા મત મળ્યા આજે તેને સૌથી વધુ ૧૬

મી લોકસભામાં ૨૮૨ બેઠકો અને ૩૧ ટકા મત મળ્યા છે. તેમજ સ્પષ્ટ બહુમતી મળી છે. આવો તે કોંગ્રેસ પછી સ્વતંત્ર ભારતનો બીજો રાષ્ટ્રીય પક્ષ છે. જેને સ્પષ્ટ બહુમતી મળી છે.

સમગ્ર પણે ઈલેક્શન- ૨૦૧૪ નું પૃથક્કરણ કરતાં માલુમ પડે છે કે ૧૬ મી લોકસભામાં સૌથી વધુ બેઠકો પ્રાપ્ત કરી પ્રથમ સ્થાને રહેનાર ભારતીય જનતા પક્ષમાં ઉત્પતિ અને વિકાસનો ઈતિહાસ અન્ય રાજકીય પક્ષો જેટલો લાંબો નથી તે તરફ નજર કરીએ તો જોવા મળે છે કે ૧૯૮૦માં આઠમી લોકસભાની ચુંટણી પછી મૂળ ભારતીય જનસંઘનું જુથ જનતા પાર્ટીથી અલગ પડ્યું. અને ૬ એપ્રિલ ૧૯૮૦ ના રોજ ભારતીય જનતાપાર્ટી રૂપે નવા નામે ભારતીય જનસંઘને ૧૯૫૨ ની પ્રથમ લોકસભામાં માત્ર ત્રણ બેઠકો અને ૩ ટકા મત જ મળ્યા હતા. બીજી લોકસભામાં જનસંઘને ૪ બેઠકો અને ૬ ટકા મત મળ્યા હતા. પાર્ટીનો સૌથી સારો દેખાવ ચોથી લોકસભા ૧૯૬૭ માં રહ્યો હતો. જેમાં ભારતીય જનસંઘને ૩૫ બેઠકો અને ૯ ટકા મત મળ્યા હતા. ત્યારબાદ ભારતીય જનસંઘનો દેખાવ નોંધપાત્ર રહ્યો નથી. પરંતુ ૧૯૮૦ બાદ જ્યારે ભારતીય જનસંઘ તેની નવી આવૃત્તિ ભારતીય જનતાપાર્ટી રૂપે પ્રકાશમાં આવ્યો ત્યારે તેનો રાજકીય દેખાવ ઉત્તરોત્તર પ્રગતિકાર રહ્યો ભાજપે ૧૯૮૦ માં આઠમી લોકસભાની ચૂંટણીમાં બે બેઠકો મેળવી ખાતુ ખોલાવ્યું અને જેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. ૧૯૮૯ માં નવમી લોકસભામાં ભાજપને ૮૫ બેઠકો અને ૧૧ ટકા મત મળ્યા અને પ્રથમ બહારથી સમર્થન આપી રાષ્ટ્રીય મોરચાની વિશ્વનાથ પ્રતાપસિંઘની સરકાર બનાવવામાં યોગદાન આપ્યું હતું. ૧૯૯૧ ની દસમી લોકસભામાં ભાજપને ૧૨૦ બેઠકો અને ૨૦ ટકા મત મળ્યા હતા. ૧૯૯૬ ની અગિયારમી લોકસભામાં ભાજપને તમામ પક્ષોમાં સૌથી વધુ ૧૬૧ બેઠકો અને ૨૦ ટકા મત મળ્યા હતા. અને ભાજપે પહેલીવાર અટલબિહારી બાજપેઈના નેતૃત્વ હેઠળ પોતાની સરકાર બનાવી પરંતુ લોકસભામાં વિશ્વાસ મત વેળાએ બહુમતીનો ટેકો નહી મળતાં માત્ર ૧૩ દિવસમાં જ અટલજીની સરકારને રાજીનામું આપવું પડ્યું. ૧૯૯૮ ની બારમી લોકસભામાં ભાજપા સહુથી મોટી પાર્ટી બની ૧૮૧ બેઠકો અને ૨૬ ટતા મત મેળવ્યા અને પહેલીવાર કેન્દ્રમાં શ્રી અટલબિહારી બાજપેઈના નેતૃત્વ હેઠળ પોતાની સરકાર બનાવી અને તેમાં અન્ય પક્ષોનો સહકાર લેવો પડ્યો. જે N.D.A. સરકાર તરીકે ઓળખાઈ પરંતુ આ ગઠબંધન માત્ર એક વર્ષના ટૂંકાગાળામાં તૂટી પડ્યું. ઓક્ટોમ્બર ૧૯૯૯ માં યોજાયેલી તેરમી લોકસભાની ચૂંટણીમાં પક્ષને સૌથી વધુ ૧૮૨ બેઠકો અને ૨૪ ટકા મત મળ્યા હતી. જેથી ફરીથી એકવાર અને શ્રી બાજપેઈના નેતૃત્વમાં ત્રીજીવાર એન.ડી.એ. ની ગઠબંધન સરકાર બની નાના મોટા ૨૨ પક્ષો આ ગઠબંધનમાં જોડાયા જે એન.ડી.એ. ની પ્રથમ મજબૂત અને સ્થિર સરકાર બની રહી જેણે પોતાનો કાર્યકાર પુરો કર્યો, ભાજપને ૨૦૦૪ ની ૧૪મી લોકસભામાં

માત્ર ૧૩૮ બેઠકો અને ૨૨ ટકા મત મળ્યા જેથી વિરોધ પક્ષમાં બેસવું પડ્યું. પંદરમી લોકસભા ૨૦૦૯ માં પણ પક્ષની બેઠકોની સંખ્યા ઘટીને ૧૧૬ થઈ ગઈ. અને ૧૯ ટકા મત જ મળ્યા. પક્ષના આ રકાસ બાદ ૧૬મી લોકસભા જેનું આપણે પૃથક્કરણ કરી રહ્યા છીએ તેમાં પક્ષનો સૌથી ઉત્તમ દેખાવ રહ્યો અને પ્રથમ વાર પક્ષે એકલે હાથે ૨૮૨ બેઠકો અને ૩૧ ટકા મત પ્રાપ્ત કરી સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી પરંતુ સાથી મિત્રોના ગઠબંધનને સાથે રાખીને સરકાર બનાવી છે.

આમ લોકસભા ૨૦૧૪ માં વિવિધ પક્ષોનો દેખાવ નીચેના કોઠામાં જોઈ શકાય છે.

૨૦૧૪ માં યોજાયેલી ૧૬મી લોકસભામાં કયા પક્ષને કેટલા મત મળ્યા તેની વિગતવાર સારણી નીચેના કોઠામાં જોવા મળે છે.[૭]

**૧૬મી લોકસભા - એપ્રિલ- ૨૦૧૪, કોઠા નં.- ૧**

| અ.નં. | રાજકીય પક્ષનું નામ | મળેલા મતની સંખ્યા | મળેલા મતની ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ભાજપ | ૧૭૧૬૫૭૫૪૯ | ૩૧ ટકા |
| ૨. | કોંગ્રેસ | ૧૦૬૯૩૮૨૪૨ | ૧૯.૩ ટકા |
| ૩. | બી.એસ.પી | ૨૨૯૪૬૧૮૨ | ૪.૧ ટકા |
| ૪. | સી.પી.એમ | ૧૭૯૮૬૭૭૩ | ૩.૨ ટકા |
| ૫. | એસ.પી. | ૧૮૬૭૨૯૧૬ | ૩.૪ ટકા |
| ૬. | એ.આઈ.ડી.એમ.કે. | ૧૮૧૧૫૮૨૫ | ૩.૩ ટકા |
| ૭. | આપ | ૧૧૩૨૫૬૩૫ | ૨.૦ ટકા |
| ૮. | અન્ય (આઈ.પી.) | - | ૨૯.૯ ટકા |

**કોઠા નં- ૨**

**લોકસભા ચૂંટણીનું પરિણામ અને સરખામણી**

**(૨૦૦૯ તથા ૨૦૧૪)**

| અ.નં. | રાજકીય પક્ષનું નામ | પંદરમી લોકસભામાં મેળવેલ બેઠકો-૨૦૦૯ | ૧૬ મી લોકસભામાં મેળવેલ બેઠકો-૨૦૧૪ | તફાવત |
|---|---|---|---|---|
| ૧. | ભાજપ | ૧૧૬ | ૨૮૨ | +૧૬૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | એન.ડી.એ. | ૧૫૯ | ૩૩૫ | +૧૭૬ |
| ૩. | કોંગ્રેસ | ૨૦૬ | ૪૪ | -૧૬૨ |
| ૪. | યુ.પી.એ. | ૨૪૪ | ૬૦ | (-૧૮૪) |
| ૫. | સમાજવાદી પક્ષ | ૨૩ | ૦૫ | -૧૮ |
| ૬. | બહુજન સમાજવાદી પક્ષ | ૨૩ | ૦૨ | -૨૧ |
| ૭. | તૃણમુલ કોંગ્રેસ | ૧૯ | ૩૪ | +૧૫ |
| ૮. | એ.આઈ.ડી.એમ.કે. | ૦૯ | ૩૭ | +૨૮ |
| ૯. | લેફ્ટીસ્ટ | ૨૪ | ૧૦ | -૧૪ |
| ૧૦. | આપ | - | ૦૪ | - |
| ૧૧. | અન્ય | ૫૮ | ૪૪ | (-૧૪) |

અભ્યાસને અંતે તારવી શકાય કે નવમી લોકસત્તા કરતાં તદ્દન વિપરીત પરિણામ આપી પ્રજાએ એન.ડી.એ. ના હાથમાં અને તેમાંય ભાજપના હાથમાં સત્તાના સૂત્રો સોંપી દીધા છે. આ માટે કોંગ્રેસની કેટલીક નીચે મુજબની ખામીઓ ધ્યાન પર આવ્યા વિના રહેતી નથી.

૧. કોંગ્રેસમાં સંમોહક નેતૃત્વનો અભાવ

૨. કોંગ્રેસ પક્ષમાં આંતરિક લોકશાહીની ભાવનાનું થયેલું પતન

૩. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પર માત્ર એક જ પરિવારનો પારંપરિત પ્રભાવ

૪. યુ.પી.એ. ગઠબંધનમાં જોડાયેલા પક્ષો વચ્ચેની તકવાદી રાજનીતિ

૫. રાષ્ટ્રીય સ્તરે વ્યાપેલ ભ્રષ્ટાચારને હટાવવામાં નિષ્ફળ રહેલ યુ.પી.એ. ૧ અને ૨ ની સરકાર

<u>**સંદર્ભ**</u>


૧. ગાર્નર જે. ડબલ્યુ : પોલિટીકલ સાયન્સ એન્ડ ગવર્મેન્ટ (૧૯૫૨), પૃ. ૧૩૪

૨. પંડ્યા હસમુખ જ. રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૧ અનડા બુક ડીપો- અમદાવાદ, પૃ. ૫૭

૩. સોલ્ટો આર.એચ. ઈન્ટ્રોક્શન ટુ પોલિટીક્સ (૧૯૫૧), પૃ. ૧૨૮

૪. રાજ્યશાસ્ત્ર પુસ્તક ધો- ૧૧ ગુજરાત રાજ્યશાળા પાઠ્ય પુસ્તક મંડળ, પૃ. ૮૫

૫. સાધના સાપ્તાહિક ૧૨ એપ્રિલ- ૨૦૧૪ અંક- ૨૭, પૃ. ૨૪

૬. સાધના સાપ્તાહિક ૧૪ જુલાઈ- ૨૦૧૪ અંક- ૩૨, પૃ. ૨૭

૭. દિવ્યભાસ્કર દૈનિક ૨૦ મે- ૨૦૧૪